## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

જીવન ના સુખ અને દુખ જાણવાની આ કસોટી છે
રડે એ આંખ સાચી છે,હસે એ આંખ ખોટી છે
કરામત છે કલમની એમ ના કહેશો ગઝલ માટે
એ કોઠાસૂઝ છે 'બેફામ',હૈયાની હથોટી છે

- 'બેફામ'

### પાથેય

- રમેશ ઠક્કર

## હૈયાની હથોટી

કોઠાસુઝ એ કળા અને વિજ્ઞાન બંને છે...આપણી ભાષામાં એને હૈયાઉકલત પણ કહે છે..એ કૉમનસેન્સની એસેન્સ ધરાવે છે..બુધ્ધિ અને ડહાપણનું સંમિશ્રણ છે..શાણપણની સહોદર છે..છતાં આ બધાથી અલગ છે.કહેવાય છે કે બુધ્ધિ અને આંતરસૂઝ એ કુદરતી રીતે જ માણસને મળતાં હોય છે..એ કયાંથી ઉછીનાં કે વેચાતાં નથી મળતાં..આપણે મોટી મોટી સમસ્યાઓ કે આફતોનો સામનો વિજ્ઞાન કે આધુનિક શસ્ત્રો થકી કરી શકીએ છીએ..પરંતુ જીવનમાં નાની નાની વિટંબણાઓ કે મુશ્કેલીઓ સામે કોઠાસૂઝ જ કારગત નીવડી હોય છે..ઘણીવાર શૂળીનો ઘા સોયથી ઉકલી જતો હોય છે એ એની કમાલ છે જ્યાં ગંજાવર સેના કે કાફલાઓ કામ ના કરે ત્યાં નાની સરખી કૂનેહ કમાલ કરી દેતી હોય છે ! એવું કહેવાય છે કે કવિ, પ્રેમી અને દેશભકત જન્મજાત હોય છે એમાં કોઇ 'વૉઈસ ઑફ અબક' કે 'છોટે અમુકતમુક'ના હોય...'એવું જ કોઠાસુઝ નું ગણી શકાય..તરવું. .તસ્કરવું...ની માફક એ પણ આપકળા છે..ગૃહિણીના હાથનો કસબ હોય કે કોઇ ખેડૂતના પરિશ્રમની પધ્ધતિ..કોઇ વિદ્યાર્થીની પરીક્ષા માટેની તૈયારી કે કોઇ કલાકારનો આલાપ..આવાં અનેક ક્ષેત્રો છે જેમાં પુસ્તકીયું જ્ઞાન કામ નથી લાગતું પરંતુ એકાદી,નાનકડી, આપમેળે શોધેલી રીતભાત કે શૈલી કામ લાગી જાય છે. કોઠાસૂઝ આપણી આસપાસ અનેક જગ્યાએ જોવા મળતી હોય છે.હમણાં એક ગામમાં જવાનું થયું.ઝડપથી ખાટલા ઊપર બેસવા ગયો ત્યાં એક વડિલે ટપાર્યો.. ઈસ સાચવી બેસવા કહયું..' સાચવો ઈસ અને બેસો વીસ..'આમાં હૈયાઉકલત છે..જેમાં અનુભવનો અર્ક અને વાસ્તવિકતા રહેલી છે.મુત્સદીપણું આભાસી રીતે કોઠાસુઝ લાગે પણ એ અલગ આર્ટ છે..એમાં દાવપેચ જરૂરી છે.આમાં વ્યવહારિકતા જરૂરી છે છતાં બાંધછોડ નથી હોતી..એમાં વ્યવસાયિક આવડત હોવી જરૂરી નથી..ઘણીવાર એ સંવેદના કે લાગણીની પૃષ્ઠભૂમિ ઉપર ખીલી ઉઠે છે.કયારેક એમાં સમયની માંગ પણ હોય છે..અણીના સમયે અસરકારક પુરવાર થાય એ જ સાચી તરકીબ. જાહેરજીવનમાં વ્યસ્ત લોકો કે લેખકો માટે આગવી સૂઝ હોવી અનિવાર્ય છે... તો ગ?હિણી માટે એ હાથવગી હોય છે...બરાબર જમવાના ટાઈમે ચારપાંચ મહેમાનો આકસ્મીક આવી ચડે ત્યારે કુશળ ગૃહિણી જે રીતે એમને સાચવી લે છે એમાં ચોકકસ કોઠાસુઝ હોય છે.કયાં શું બોલવું કયાં જવું ના જવું એ તમામ બાબતોમાં કોઠાસુઝની કળા જરૂરી છે..લખવાનું શરુ કરવામાં કમાલ હોય છે પણ લખતાં લખતાં લેખકે કયાં અટકવું એમાં પણ હૈયાઉકલત જરૂરી છે. કોઇ કવિ જ્યારે સરસ પંકિતઓ લખે છે ત્યારે આપણે અભિભૂત થઈ જઈએ છીએ.આ કસબ કોઇ શાળા કે મહાશાળામાં ભણીને મેળવી શકાતો નથી.રોજિંદી જરૂરિયાત માટે કામ કરતા કારીગરો કે સફાઈ કામદારો કોઇ જગ્યાએ તાલીમ લીધેલા કે ખાસ શાસ્ત્ર ભણેલા માણસો હોતા નથી..એમને અનુભવો અને જરૂરિયાતો બધું શીખવાડી દે છે..ડ્રાયવર કે કુશળ તરવૈયાઓ મોટાભાગે સામાન્ય ભણેલા માણસો હોય છે..આમછતાં અત્યંત જોખમી અને માણસની જિંદગી સાથે જોડાયેલી સેવાઓ એ સારી રીતે કરતા હોય છે એમાં એમની હૈયાસૂઝ જ કામ કરતી હોય છે..કવિઓ અને લેખકો એને હૈયાની હથોટી કહે છે...પરંતુ એ બધું એકનું એક જ ! જન્મથી છેક મરણ સુધી જીવનની રોજિંદી બાબતોમાં જ્યાં મોટી સાધનસામગ્રી કે પ્રચંડ બુધ્ધિ કામ નથી લાગતી ત્યાં આપમેળે એકત્રિત થયેલી આવી નાનકડી કોઠાસૂઝની તરકીબો કામયાબ થઈ જતી હોય છે.

# નવા નિશાળિયાઓ ભ્રમમાં છે....

**તંત્રીસ્થાનેથી...**

કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ હાર્દિક પટેલ અને નરેશ પટેલ વિશેના પત્રકારોનો પ્રશ્નો સામે જે તીખી પ્રતિક્રિયા પાઠવી તે સૂચવે છે કે સિનિયર પાટિદાર નેતાઓને એમના જ સમાજના આ નવા, ઊભરતા મહત્ત્વાકાંક્ષી નેતાઓના રાજકીય ઉદય સામે વાંધો ભલે ન હોય પરંતુ એમની રીતભાત જરીયે પસંદ નથી. નરેશ પટેલ આખા પાટીદાર સમાજના સર્વમાન્ય પ્રતિનિધિ હોય એમ વર્તે છે. એક ધાર્મિક સંસ્થાના ટ્રસ્ટમાં માનમોભા ભર્યું સ્થાન સમાજે આપ્યું અથવા પોતાના દાનેશ્વરી સમાજલક્ષી સેવાપ્રવૃત્તિઓને કારણે મળી ગયું એથી સમાજ આખો એમનો પડ્યો બોલ ઝીલી લેશે એમ માનવું વધારે પડતું જ ગણાશે. સૌરાષ્ટ્રના પાટીદાર સમાજમાં નરેસ પટેલ માનવંતું સ્થાન ભોગવે છે તે સર્વવિદિત છે પણ રાજકીય પક્ષો માટે તો તે તદ્દન બહારના માણસ છે. રાજકીય પક્ષો કાર્યકર્તાઓના ખભા પર ઊભા હોય છે. વળી એ કાર્યકર્તાઓ વિવિધ જ્ઞાતિ સમાજોમાંથી આવતા હોય છે અને વર્ષોથી પક્ષની વિચારધારા પાછળ ઘસાતા રહે છે. ત્યારે માંડ એમને સંગઠનમાં ઓળખ સાંપડે છે અને ચૂંટણી લડી શકે તથા જીતી શકે એવી ક્ષમતા દેખાય તો પાર્ટી એમની ટિકિટની માગણી માન્ય રાખતી હોય છે. આવા કાર્યકર્તાઓના બળ ઉપર જ હાઈકમાન્ડ તરીકે ઓળખાતા મુઠ્ઠીભર નેતાઓ રાજ કરતા રહ્યા છે, પછી તે કોંગ્રેસના હોય કે ભારતીય જનતા પાર્ટી અથવા કોઈ પ્રાદેશિક પક્ષના. મૂળે પાયામાં કાર્યકર્તા હોય છે જેની મહેનત અને નિષ્ઠા જ પાર્ટીને સત્તા સુધી પહોંચાડે છે. પોતાની વિશિષ્ટ પ્રતિભાના જોરે કોઈ સામાન્ય કાર્યકર્તા રાષ્ટ્રીય નેતા બની જાય છે ત્યારે પમ એને પોતાની એ પ્રગતિના પાયામાં પડેલો ભૂતકાળ યાદ હોય છે. એટલે જયારે ભારતીય જનતા પાર્ટી પાસે સૌરાષ્ટ્રમાં દિલીપ સંઘાણી જ કેશુભાઈ પટેલ પછી નોંધપાત્ર લેઉઆ પાટીદાર નેતા હતા અને પુરુષોત્તમ રુપાલા કડવા પાટીદાર સમાજના નેતા તરીકે ઊપસી રહ્યા હતા ત્યારે કોઈ નરેશ પટેલ કે હાર્દિક પટેલ જેવા આગેવાનો રાતોરાત ઊંચકાઈ શકતા નહોતા. અત્યારે સંજોગો એવા સરજાયા છે કે આ બે નામો સતત મીડિયામાં અને રાજકીય વર્તુળોમાં ચર્ચાયા કરે છે. હાર્દિક પટેલનો ભાજપમાં પ્રવેશ આપવો જોઈએ કે નહીં એ મુદ્દે સંઘાણી જેવા જૂનાજોગી તો ઉગ્ર પ્રતિક્રિયા જ આપે તે સ્વાભાવિક છે. ફક્ત પોતાની મહત્ત્વાકાંક્ષા સંતોષવા માટે કોંગ્રેસ છોડીને ભાજપ તરફ ઢળી રહેલા યુવા પાટીદાર નેતા પ્રત્યે સ્વાભાવિક રીતે જ જનસધારણ પણ સુગાળવો અભિપ્રાય જ ધરાવે. નરેશ પટેલ સમાજના નામે રાજકારણ કરવા નીકળે ત્યારે પણ સમાજ સિવાયના બીજા વર્ગો એમને એકાંગી અને મહત્ત્વાકાંક્ષી જ માનશે. વળી 'હાઈકમાન્ડ' તરીકે ઓળખાતા રાજકીય પાર્ટીઓના વડાઓ આવા લોકોને રાતોરાત ઊંચાં પદ આપી દે અને એમના મૂળ કાર્યકર્તાઓના માથે મારે તે પણ નૈતિક દષ્ટિએ યોગ્ય ન ગણાય. પાટીદાર સમાજ જ ચૂંટણીઓ જિતાડી શકે એવી માન્યતા પણ ભૂલ ભરેલી છે. વિકાસ ઉપરાંત વ્યાપક હિંદુત્વના મુદ્દે ચૂંટણીઓ જીતતા રહેલા નરેન્દ્ર મોદી પાસે અયોધ્યા અને કાશ્મીર પછી હજી કોમન સિવિલ કોડનો મુદ્દો છે જેનો સમય આવ્યે ઉપયોગ કરશે. ચૂંટણીઓ નહેરુ, ઈંદિરા કે મોદીના નામે જિતાતી રહી છે. અલબત્ત પાટીદાર સમાજ ગુજરાતમાં અગત્યની ભૂમિકા ભજવતો રહ્યો છે પણ સામે કોળી-ઓબીસી સમાજ પણ છે અને બધાને ખબર છે કે કયારેક પાટીદારોને હાંસિયે ધકેલીને માધવસિંહ સોલંકીએ ૧૪૯ બેઠકો મેળવી હતી !

## ગાંધી આશ્રમના માળી તરીકે પાંચ દાયકાનું તપ : અમૃત મોદી કહે છે કે સમગ્ર વિશ્વને ગાંધીજી આકર્ષતા રહ્યા છે




વિશ્વનાં પહેલાં પાંચ પવિત્ર સ્થળોની યાદી બનાવો તો અમદાવાદસ્થિત ગાંધી આશ્રમની, સાબરમતીના કાંઠે આવેલી પ્રાર્થના ભૂમિનો તેમાં અનિવાર્યપણે સમાવેશ કરવો પડે. ૧૯૧૭થી ૧૯૩૦ સુધી, ગાંધીજી સવાર સાંજ અહીં આશ્રમવાસીઓ સાથે નિયમિત પ્રાર્થના કરતા.



આમ તો આ આખોય ગાંધી આશ્રમ મોટા તીર્થસમાન છે. જેમ તે સ્વરાજતીર્થ છે તેમ આધ્યાત્મિક ભૂમિ પણ છે.

જ્યાં દરરોજ સમગ્ર વિશ્વમાંથી થોકબંધ લોકો આવે છે એ ગાંધી આશ્રમના માળી છે અમૃતભાઈ મોદી. ૮૯ વર્ષની જૈફ વયે પણ તેઓ નિયમિત ગાંધી આશ્રમમાં આવે છે. આશ્રમ સાથે જોડાયા ત્યારે તેમની વય હતી ૨૨ વર્ષની.

●●●

અમૃતદાદાનું વતન મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાનું પ્રતાપપુરા ગામ. પિતાને કરિયાણાની દુકાન હતી. માતા ગૃહિણી હતાં. ૧૯૫૩માં એસએસસી થયા. એક શાળાએ તેમને સામેથી શિક્ષકની નોકરી આપી. સ્વીકારી. હાઈસ્કૂલના શિક્ષકની નોકરીનો પગાર હતો ૭૦ રૂપિયા. એ પછી તેમને પ્રાથિમક શાળામાં નોકરીની ઓફર થઈ તો પાંચ રૂપિયા પગાર ઓછો હતો તો પણ નોકરીનો સ્વીકાર કર્યો. કારણ ? પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે કેમ કરવું હતું એટલે. જોકે નિયતિએ તો બીજું જ કંઈક નક્કી કર્યું હતું. એ પછી તેમને સૌરાષ્ટ્ર સચિવાલયમાં નોકરી મળી. એ દરમિયાન અમદાવાદના ગાંધી આશ્રમમાં દાદા ધર્માધિકારીની પાંચ દિવસની શિબિર હતી. તેમાં ભાગ લીધો. દાદાને સાંભળી તેમણે નોકરી છોડવાનો અને સર્વોદયનું કાર્ય કરવાનો સંકલ્પ કર્યો. સંકલ્પ એટલો શીઘ્ર અને મજબૂત હતો કે તેઓ એ પછી માત્ર રાજીનામું આપવા જ ગયા.

●●●

તે દિવસની ઘડી અને આજનો દાડો. અમૃત મોદી ગાંધી આશ્રમમય બન્યા. ૧૯૫૫થી ૨૦૧૮... આમ તો ૬૩ વર્ષ થયાં, પણ વચ્ચે વિનોબા ભાવેની ભૂદાન પદ યાત્રામાં જોડાયા અને ૧૪ વર્ષ વડોદરા રહ્યા. ત્યાં તેમણે વિચાર પત્ર ભૂમિપુત્રની જવાબદારી વહન કરી. તેઓ ગુજરાત સર્વોદય મંડળના મંત્રી બન્યા, પણ તેમના જીવનનો મોટો ભાગ તો ગાંધી આશ્રમના સંત્રી તરીકે જ રોકે છે.

●●●

અમૃતદાદા કહે છે કે આજે પરિવર્તનો ખૂબ ઝડપથી આવી રહ્યાં છે. સંચાર ક્રાંતિએ આખી દુનિયા પર મોટી અસર કરી છે. પહેલાં જે ૫૦ વર્ષમાં બદલાતું તે હવે માત્ર પાંચ વર્ષમાં જ બદલાઈ જાય છે. મોબાઈલ ફોનમાં આખી દુનિયા સમાઈ ગઈ છે. પહેલાં માણસને બદલતાં વર્ષો થતાં હવેની ટેકનોલોજીની મદદથી એ કાર્ય ખૂબ ઝડપથી થાય છે. લોકોની સમજ હવે ઝડપથી સુધરી શકે છે. જો મહાત્મા ગાંધી આજે હયાત હોત તો તેમણે પણ આ ટેકનોલોજીનો સ્વીકારીને લોક ઘડતરના કામમાં પ્રયોજી હોત.

●●●

દાદા કહે છે કે આજે પણ સમગ્ર વિશ્વના લોકોને ગાંધી માટે ખૂબ માન છે. વિશ્વના ખૂણે ખૂણેથી દોડીને લોકો ગાંધીજી સમજવા ગાંધી આશ્રમ આવે છે.

**ગોધૂલિઃ**

અમૃતભાઈ મોદી મોબાઈલ ફોન બતાવીને કહે છે કે જો આજે ગાંધીજી હયાત હોત તો તેમણે આ ઉપકરણનો સૌથી શ્રેષ્ઠ ઉપયોગ કર્યો હોત.

વાત વિચારવા જેવી તો છે..

### દિન મહિમા

- ડીએનએ દિન
- મેલેરિયા જાગૃતિ દિવસ

આજનું

### ઔષધ

- ડેન્ગ્યુ કે વાયરલ તાવમાં હાઈ ફિવરથી પીડાતા દર્દીનાં પીવાના પાણીમાં તુલસીનાં પાન નાખી ઉકાળી અને ગાળી ઠંડુ થયેલું પાણી પીવડાવવાથી રિકવરી જલ્દી થાય છે.

### ખડખડાટ

- મે વાઇફને કહ્યું : આ વાંચ,
છાપામાં પણ લખ્યું છે કે પુરુષ રોજ ના સરેરાશ ૫,૦૦૦ શબ્દો બોલે છે
જ્યારે સ્ત્રી ૫૦,૦૦૦
તો આવી ને મને કે'...:
"સાચું જ છે ને....
"તમને એક ની એક વાત દસ વખત કહીએ ત્યારે તો તમને ખબર પડે છે...

આજનો

### વોટ્સએપ

- ગમે તેટલો ખરાબ દિવસ જાય...
હંમેશા એ વાત યાદ રાખજો કે...
જે થાય છે એ સારા માટે જ થાય છે...
જ્યારે કાંઇ નાં સમજાય ત્યારે...
બધુ ઇશ્વર પર છોડી દેવું કારણ કે...
ડાળીએ સુતેલા પક્ષીને નથી પડવા દેતો એ આપણને પણ સંભાળી જ લેશે...!!!

# સ્ત્રીમાં રહેલી લડવાની ક્ષમતા અને પરિસ્થિતિનો સામનો કરવાની કોઠાસૂઝ તેને સફળ બનાવે છે




'હવે ખાલી પથ્થર, ખાડો, અંધારું ને અવકાશ,
પોતાના જ પગથિયાં ચડીને વાવ તો કયારની નીકળી ગઈ બ્હાર''

આપણા દેશમાં શિલ્પ સ્થાપત્યના કેટલા ઉત્તમ બેનમૂન અને અદ્‌ભૂત કલા કારીગરીના નમૂના સમા સ્થાપત્યો રાજા-મહારાજાઓના યુગમાં બનાવાયા છે. કંઈ કેટલાય વર્ષો પૂર્વે બનાવેલા આ સ્થાપત્યો પર કાળની કંઈ કેટલીયે થપાયો વાગેલી હોવા છતાં આજે પણ એ સ્થાપત્યો અડીખમ પોતાના ભવ્ય ભૂતકાળની ઝાંખી કરતા દૃષ્ટિગોચર થાય છે. વાવ, કૂવા કે કુંડ સામાન્ય રીતે પ્રજાજનોને રોજબરોજના જીવનમાં પાણીની ઉપલબ્ધ માટેના એક સ્થાન તરીકે બનાવવામાં આવતા. પરંતુ, આ વાવ કે કુંડનું બેજોડ શિલ્પ સ્થાપત્ય પોતાનામાં એક એક ઈતિહાસ કે કેટલીક કથાઓને સમાવી બેઠેલા હોય છે. આપણે ત્યાં દરેક સ્થાપત્યને લગતી જાતજાતની લોકવાયકાઓ પણ એટલી જ પ્રસિદ્ધ થઈ છે. ગુજરાતમાં આવેલી રાણકી વાવ અને અડાલજની વાવ બંને સ્થાપત્ય કલાની દૃષ્ટિએ તો ઉત્તમ છે જ પણ તેની સાથે સંકળાયેલી લોકવાયકા પણ ગુજરાતની ગરવી નારના ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવે છે. પાટણની રાણકી વાવ રાણી ઉદયમતીએ રાજા ભીલદેવના નિધન બાદ વાવના બાંધકામને ચાલુ રખાવીને ગુજરાતનો સ્થાપત્ય અને કલાનો સર્વશ્રેષ્ઠ નમૂનો ભેટ કરેલો છે. તે જ પ્રમાણે અડાલજની વાવ સાથે પણ ગુજરાતની ગુણવંતી નાર અને એના પ્રેમની કથા વણાયેલી છે. આ વાવના એક-એક પગથિયે આપણો વિસરાયેલો ઈતિહાસ ડોકાય છે.



એક સમયમાં રાજા-મહારાજાઓ ઉનાળાની ગરમીથી બચવા અને પાણીની કમી દૂર કરવા વાવ, કૂવાઓનું નિર્માણ કરતા, તો કેટલાક રાજવીઓ શિકાર પછી ઠંડકમાં આરામ ફરમાવવા માટે પણ આવી વાવોનો ઉપયોગ કરતા, તો સિપાઈ, સામાન્ય જનતા, થાકેલા યાત્રાળુઓ, વેપારીઓ અને પ્રવાસીઓ પણ વાટમાં આરામ કરવા માટે આવી કલામંડિત વાવનો ઉપયોગ કરતા, અમદાવાદથી નવ કિલોમીટર દૂર આવેલી અડાલજની વાવ અંદાજે પાંચસો વર્ષથી વધારે જૂની છે. તેના અધુરા નિર્માણ પાછળ એક પ્રેમકથા કારણરૂપ છે. ધનદાઈના રાજવી રાણા વીરસિંહ મંગેલાએ આ વાવનું નિર્માણ શરૂ કરાવ્યું હતું પરંતુ આ રાજવી યુદ્ધમાં મહંમદ બેગડાને હાથે માર્યો ગયો હતો અને વાવ અધૂરી રહી ગઈ. રાજા વીરસિંહની સુંદર પત્ની રાણી રૂપબા પર નજર પડતાં મહંમદ બેગડો તેના પર મોહિત થયો અને તેની સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. રાણી રૂપબાએ પોતાના સ્વર્ગવાસી પતિએ અધૂરી છોડેલી વાવનું નિર્માણ પૂરું કરાવાની શરતે આ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. અને રાણીની સુંદરતા પર મોહાંધ બનેલા બેગડાને તુરંત વાવનું કામ શરૂ કરાવ્યું. જો કે, વાવના નિર્માણનો પાંચમો માળ પૂરો થતાં જ મહંમદે લગ્નની વાત કરી ત્યારે પતિવ્રતા રાણી રૂપબાએ આ અધૂરી વાવની પાણીમાં ડૂબી જઈને પોતાના પ્રાણનો ત્યાગ કર્યો ગુસ્સે થયેલા મહંમદ બેગડાએ વાવનું કામ અધુરું છોડી દેવા આદેશ કર્યો, માટે તેના પર ગુંબજ જોવા મળતો નથી. વાવની એકેએક ઈંટ આ પ્રેમકથાની મૂક સાક્ષી છે.



આમ બંને વાવની સ્થાપના માટેનું શ્રેય પતિવ્રતા સ્ત્રીઓ રાણી ઉદયમતી અને રાણી રૂપબાને ફાળે જાય છે. આ બંને રાજવી સ્ત્રીઓએ પ્રજાજનો માટે આશીર્વાદરૂપ આ વાવનું નિર્માણ કરાવ્યું. બંનેનો પ્રજાજનો પ્રત્યેનો નિઃસ્વાર્થ પ્રેમ અને પ્રતિ પ્રત્યેની અનહદ લાગણી વાવના સ્થાપત્યમાં વણાયેલી છે. આજની સ્ત્રી અન્યાયનો સામનો કરનારી અને તેના માટે અવાજ ઉઠાવનારી બની છે. પણ આજની કેટકેટલા વર્ષો પૂર્વે પણ આ બંને સ્ત્રીઓએ પતિના મૃત્યુથી હાર્યા વિના પરિસ્થિતિનો એકલા હાથે સામનો કર્યો છે એ બાબત સ્ત્રીની ખુમારી દર્શાવે છે. પોતાની પ્રજાના હિત માટે પતિના મૃત્યુ બાદ પણ બંને વીર મહિલાઓએ પતિવ્રતા ધર્મને અનુસરીને આદરેલા કામ પૂરા કરવાનો સંપૂર્ણ પ્રયાસ કર્યો એ અત્યંત પ્રશંસનીય બાબત ગણાય. એ જમાનામાં સ્ત્રીઓ ઘૂંઘટમાં રહેતી અને આવા સમયમાં પણ પોતાની વાતને વળગી રહીને અંધારું, પથ્થર, દોજખને પાર કરીને આ બંને સ્ત્રીઓ પોતે જાતે પોતાનો ઈતિહાસ રચી દીધો! વાવને સ્ત્રીની ઉપમા આપવામાં આવે તો સ્ત્રીઓએ સંઘર્ષપૂર્વક પથ્થર, ખાડો, અંધારું એ બધું ઓળંગીને, એ તમામ અવરોધોને જો પોતાની પ્રગતિનો પાયો બનાવીને બહાર આવીને પોતાનામાં રહેલા સાહસ, ખુમારી અને પ્રતિભાના દર્શન દુનિયાને કરાવ્યા છે.

સ્ત્રીમાં રહેલી કોમળતા છતાં તેનામાં રહેલી લડવાની ક્ષમતા અને પરિસ્થિતિનો સામનો કરવાની કોઠાસૂઝ તેને સફળ બનાવે છે. સ્ત્રીઓની પરિસ્થિતિમાં આવેલા પરિવર્તનમાં સમય, સંજોગો, બાહ્ય પરિબળોની મદદ આ બધા ઉપરાંત સૌથી મોટું પરિબળ છે તેની પોતાની કંઈક કરી છૂટવાની ધગશ, તેના પ્રેમમાં રહેલી સચ્ચાઈની તીવ્રતા અને તેની અભૂત પ્રતિભાવાન આંતરસૂઝ!

- nehalgadhavi101@gmail.com

# જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા અંગે કાયદાકીય જોગવાઈઓ

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ : ૩૮ મુજબ સજાપાત્ર ગુનો




ભારતમાં વિવિધ પ્રદેશમાં લોકો વિવિધ ધર્મનાં, જાતિનાં લોકો રહે છે અને જુદા-જુદા ધર્મ પાળતા હોય છે. તેમની જુદી-જુદી માન્યતાઓ હોય છે. ધર્મો, ભાષાઓ, બોલીઓ તેમજ પરંપરા પણ અલગ-અલગ પ્રકારની હોય છે. ભારતમાં વિવિધ ધર્મોના વિવિધ તહેવારો, જયંતિઓ, ઉત્સવો ઉજવાતા હોય છે. જેમાં શોભાયાત્રા ધાર્મિક જુલુસ પણ નિકળતા હોય છે. જે પરંપરા તથા રૂઢીગત પણ હોય છે. જેવી કે, રથયાત્રા, તાજીયા વિગેરે તે સિવાય પણ મસ્જીદ ઉપર અઝાન લાઉડ સ્પીકરમાં વાગતી હોય છે તથા મંદિરોમાં આરતી લાઉડ સ્પીકર ઉપર થતી હોય છે. આ માટે જાહેરમાં અવાજ, ઘોંઘાટ ચાલુ રાખવાની અથવા બંધ કરવાની સત્તા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૮ મુજબ પોલીસને સોંપવામાં આવી છે. પરંતુ, જ્યાં ધર્મભાવના હોય ત્યાં રૂઢી, પરંપરા ચાલતી હોય, ત્યાં પોલીસ પણ આંખ આડા કાન કરતી હોય છે તથા કાયદાનું ચુસ્ત રીતે પાલન થતું નથી. હાલમાં હનુમાન જન્મોત્સવ તથા રામનવમીની યાત્રામાં સુલેહ, શાંતિ ભંગના બનાવો પણ બન્યા તથા કોમી વયમનસ્યના, હિંસાના બનાવો બન્યા.

પરસ્પર પ્રેમ કરવો, એકબીજાનાં ધર્મ પ્રત્યે માન આપવું એ બંધારણ મુજબ તથા ભારતની સંસ્કૃતિ મુજબ વર્ણવેલું છે, ભારત સર્વ ધર્મ સમભાવમાં માને છે, પરંતુ તાજેતરની ઘટનાઓ ધર્મ સાથે જોડી વિરોધ કરવામાં આવતા પ્રશાસને કાયદો હાથમાં લેવાની નોબત આવી છે. આવા સમયે સામાન્ય જનતા તથા ધાર્મિક સંસ્થાનાં ટ્રસ્ટી તથા વહીવટદારોએ સંચાલકોએ કાયદાની પરિભાષા તથા નિયમો જાણવા ખૂબ જ અગત્યનાં છે, નહિતો નિર્દોષ વ્યક્તિઓ કાયદાનું પાલન ના કરવા બદલ દંડાય તથા પોલીસ લોકઅપમાં રહેવાનો વારો આવે.

લાઉડ સ્પીકરને લગતો ભારતમાં કાયદો અને વ્યવસ્થાના શું નિયમો છે તે જાણવા આમ જનતા માટે, સામાન્ય નાગરિકો માટે ખૂબ જ અગત્યાનાં છે. તેથી જાણે-અજાણે પોતે આવા કાયદાનો ભંગ ના કરે.



જાહેર સ્થળોએ લાઉટ સ્પીકર વગાડવા માટે પ્રશાસનની લેખિત પરવાનગી જરૂરી છે. રાત્રે ૧૦:૦૦ વાગ્યા થી સવારે ૬:૦૦ વાગ્યા સુધી લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ સમગ્ર દેશમાં છે. બંધ રૂમ તથા સ્થળોએ રાત્રે લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી મેળવવી જરૂરી છે. ખાસ કિસ્સામાં રાજ્ય સરકાર ૧૨:૦૦ વાગ્યા સુધી આવી મંજુરી આપી શકે છે. દા.ત. નવરાત્રી દરમ્યાન ૧૨:૦૦ વાગ્યા સુધી ગરબા ગાવા, લાઉડ સ્પીકર વગાડવા પરવાનગી ઘણી જગ્યાએ આપવામાં આવે છે. જેના માટે દરેક રાજ્યનાં નિતિ-નિયમો અલગ છે.

રાજ્ય સરકાર હોસ્પિટલો, શૈક્ષણિક સંકુલો, વેપારી સંસ્થાઓની આજુબાજુ સાયલન્ટ ઝોન જાહેર કરી શકે છે. ત્યાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવી શકે છે.

સાયલન્ટ ઝોનનાં ૧૦૦ મીટરની અંદર લાઉડ સ્પીકર વગાડી શકાય નહી. રહેણાંક વિસ્તારમાં સવારે ૬:૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધીમાં ૫૫ ડેસીબલ અવાજની પરવાનગી છે. રાત્રે ૧૦:૦૦ વાગ્યા થી સવારે ૬:૦૦ વાગ્યા સુધી ૪૫ ડેસીબલ સુધીનાં અવાજની પરવાનગી રહેણાંક ઝોનમાં છે. બિઝનેસ એરીયામાં સવારે ૬:૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી ૬૫ ડેસીબલ, વ્યવસાયિક ક્ષેત્રમાં ૫૫ ડેસીબલ તથા શાંત ક્ષેત્રમાં ૪૦ ડેસીબલ અવાજની પરવાનગી સવારે ૬:૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી પ્રશાસન આપી શકે છે. અવાજનું પ્રદૂષપ માપવા માટે ધ્વનિ પ્રદૂષણ નિયંત્રણ સમિતી બનાવવામાં આવી છે. જે પોલ્યુસન કંટ્રોલ બોર્ડની અંદરમાં કામ કરે છે. જે અવાજનાં ડેસીબલ ચકાસવાનું કાર્ય કરે છે. આનાથી ઉંચા અવાજમાં લાઉડસ્પીકર ઉપર ધાર્મિક ગીતો, ભજનો, આરતી, અજાન, નમાજ કરવી એ ગુનો છે. તેમ છતાં રહેણાંક વિસ્તારમાં આવી પ્રવૃત્તિ વર્ષોથી અવિરત ચાલે છે અને કોમી એખલાસનું વાતાવરણ હોય, ભાઈચારો હોય તો, કોઈ ફરીયાદ કરતું નથી, પરંતુ ધર્મનો વિરોધ ઉઠે ત્યારે આવી ફરીયાદો પ્રશાસનને કરવામાં આવે ત્યારે તેનો રાજકીય રંગ આપવામાં આવે છે. જેનો ચૂંટણી સમયે દરેક પક્ષ ગેરફાયદો ઉઠાવે જ છે.

રોડ ઉપર વરઘોડો કાઢવા, નાચવું, કૂદવું તે પણ પ્રતિબંધ છે, પરંતુ લગ્ન સીઝનમાં આવા નિયમનું કોઈ જ પાલન કરતું નથી અને રોડ ઉપર ડી.જે. જોર-શોરથી વગાડી ટ્રાફીકને અડચણરૂપ ગરબા કરી, નાચી, કૂદી કાયદાને તોડી આમ નાગરિકોને પરેશાન કરવામાં આવે છે. પોલીસ પણ ફરીયાદ ના મળવાનાં કારણે આંખ આડા કાન કરી કોઈનો પ્રસંગ બગાડતી નથી કે આનંદમાં રંગમાં ભંગ કરતી નથી.

કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ થતો હોય અને હુલ્લડ થવાનો ભય હોય તો કમિશ્નર કે જીલ્લા સુપ્રિટેન્ડન્ટ આવો વિસ્તાર પોતાના હવાલામાં લઈ વિસ્તાર કોર્ડન કરી બંધ કરી કબજો લઈ શકે છે તથા ઉપદ્રવીઓની ધરપકડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૮ મુજબ કરી ત્રણ માસની સજા તથા પાંચસો રૂપિયા દંડની જોગવાઈ છે. આવી જગ્યાએ નાગરિકોને પ્રવેશવા માટેનો મનાઈ હુકમ ફરમાવી જાહેરનામું પણ જીલ્લા કલેક્ટર બહાર પાડી શકે છે. કાયદાનું પાલન કરવું એ દરેક ધર્મ અને કોમનાં નાગરિકો માટે ફરજીયાત છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧
info@trivediassociates.in